RNI No. GUJGUJ/2016/72734 TC No. GUJGUJ16705 ગાંધીનગર

# નવભારત

Email : navbharatdaily2016@gmail.com www.govtofgaurang.com દૈનિક

Book Post
Navbharat Daily
Gandhinagar

• Printer / Publisher / Owner : ASHOK NATVARLAL DAVE • Printed : HARDIK PRINTERS 1, GOKUL COMM. CENTER, OPP. AVAKAR GUEST HOUSE, ASTODIA, AHMEDABAD, GUJARAT 380 022
• Published : "NAVBHARAT" DAILY • Place of Publication : BLOCK NO. 13/ 6, 'GH' TYPE, SECTOR-20, GANDHINAGAR (GUJARAT) 382 020 • Editor : ASHOK NATVARLAL DAVE

તંત્રી : અશોક એન. દવે ● વર્ષ : ૦૩ ● અંક : ૧૩૧ ● તારીખ : ૦૯-૦૮-૨૦૧૮ ● ગુરૂવાર ● પાના : ૪ ● કિંમત : ૫૦ પૈસા ● મો. +91 99099 69099

### રાજાજી હોલથી મરીના બીચ સુધી અંતિમયાત્રા યોજવામાં આવી

# કરૂણાનિધિની દફનવિધિમાં લોકો ઉમટી પડ્યા : અનેક ભાવનાશીલ

### દફનવિધિના સ્થળ ઉપર લોકો ઉમટી પડ્યા : પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી : સંપૂર્ણ સન્માનની સાથે દફનવિધિ : તમામ ટોચની હસ્તીઓ ઉપસ્થિત

**(એજન્સી) ચેન્નાઇ,**

તમિળનાડુના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચુકેલા ડીએમકેના વડા એમ કરૂણાનિધિના અંતિમ સંસ્કાર વેળા લોકો ઉમટી પડ્યા હતા. જનસૈલાબ ચેન્નાઈના માર્ગો ઉપર ઉમટી પડ્યા બાદ પોલીસને પણ ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ચેન્નાઈમાં રાજાજી હોલથી કરૂણાનિધિની શવયાત્રા નિકળી હતી ત્યારબાદ મરીના બીચ ઉપર તેમની દફનવિધિની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મદ્રાસ હાઈકોર્ટે ડીએમકેના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનિધિને મરીના બીચ ઉપર દફનવિધિ માટે મંજુરી આપી દેવામાં આવ્યા બાદ સસ્પેન્સનો અંત આવ્યો હતો અને અંતિમવિધિની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અંતિમવિધિ વેળા માર્ગોની ચારેબાજુ લોકો ઉમટી પડ્યા હતા. તેમના દર્શન માટે પડાપડી થઇ હતી. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા હોવાના કારણે તેમની દફનવિધિ કરવામાં આવી હતી. જયલલિતાની પણ દફનવિધિ કરવામાં આવી હતી. અગાઉ મરીના બીચ ઉપર કરૂણાનિધિ માટે સમાધિ બનાવવાને લઈને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. જો કે, તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને અંતે મંજુરી મળી ગઈ હતી. અંતિમ વિધિ વેળા સ્વર્ગસ્થ નેતાને જોવા માટે ભારે પડાપડી થઇ હતી. રાષ્ટ્રપતિ ભવન ખાતે પણ રાષ્ટ્રીય ધ્વજને અડધીકાઢીએ રાખવામાં આવ્યો હતો. અગાઉ તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન કરૂણાનિધીને શ્રદ્ધાંજલિ આપવા માટે સમર્થકો ઉમટી પડ્યા હતા. અત્રે નોંધનીય છે કે, તમિળનાડુના પાંચ વખતના મુખ્યમંત્રી રહેલા અને કલાઈનારના નામથી લોકપ્રિય ડીએમકેના પ્રમુખ મુથ્થુવેલ કરૂણાનિધિનું ગઇકાલે સાંજે ચેન્નાઈની કાવેરી હોસ્પિટલમાં ૯૪ વર્ષની વયે અવસાન થતાં તેમના લાખો સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. દ્રવિડ આંદોલનના પરિણામ સ્વરુપે કરૂણાનિધિ રાજકીયરીતે ઉભરી આવ્યા હતા. આશરે છ દશક સુધી રાજકીય કેરિયરમાં મોટાભાગે તેઓ તમિળનાડુના રાજનીતિમાં મુખ્ય ધ્રુવ તરીકે રહ્યા હતા. ૫૦ વર્ષ સુધી પોતાની પાર્ટીના પ્રમુખ તરીકે રહ્યા હતા. સોમવારના દિવસથી જ તેમની તબિયત સતત ખરાબ થઇ રહી હતી. શનિવારથી જ તેમની તબિયત વધારે લથડી ગઈ હતી. બહુમુખી પ્રતિભા તરીકે પણ તેમને ગણવામાં આવતા હતા. અગાઉ ૧૯મી જુલાઈના દિવસે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ તેજ દિવસે તેમને રજા આપી દેવામાં આવી હતી. હોસ્પિટલમાં તેમની તબિયત ગંભીર બની ત્યારે સમર્થકો મેદાનમાં જમા થયા હતા અને તેમના માટે પ્રાર્થના કરી રહ્યા હતા.કરૂણાનિધિ તમિળ ભાષા ઉપર ખુબ સારી પકડ ધરાવતા હતા. અનેક પુસ્તકો, ઉપન્યાસો, નાટકો, તમિળ ફિલ્મો માટે સંવાદ લખ્યા હતા. તમિળ સિનેમાથી રાજનીતિમાં એન્ટ્રી કરનાર કરૂણાનિધિ છ દશક સુધી રાજકીય જીવનમાં એક પણ ચૂંટણી હાર્યા ન હતા. કરૂણાનિધિના સમર્થક તેમને પ્રેમથી કલાઈનાર તરીકે બોલાવતા હતા.કરૂણાનિધિ સ્વસ્થ જીવનશૈલી ધરાવતા હતા. સવારે જલ્દી ઉઠી જતા હતા. યોગ કરતા હતા. ખુબ ચાલતા હતા. સામાન્ય ભોજન કરતા હતા. ૨૦૧૬ બાદથી તેમને અનેક વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પીઠ અને પગમાં પીડાના કારણે વર્ષ ૨૦૦૯માં સર્જરી પણ કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૧૬માં શ્વાસની તકલીફ થયા બાદ શ્વાસનળીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેમની લાઇફસ્ટાઇલને લઇને હંમેશા લોકો બોધપાઠ લેતા હતા. ૨૦૦૬માં રાજયના સૌથી મોટી વયના મુખ્યમંત્રી તરીકે મુખ્યમંત્રી બન્યા હતા કરૂણાનિધિએ ઘણા વિવાદ પણ જગાવ્યા હતા. રામ કોણ હતા, તેમના થવાના સબૂત ક્યા છે. કરૂણાનિધિના આ નિવેદનના કારણે દેશભરમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. ૩૩ વર્ષની વયમાં કરૂણાનિધિ વર્ષ ૧૯૫૭માં પ્રથમ વખત કુલીખલાઈ સીટ પરથી જીતી તમિળનાડુ વિધાનસભામાં પહોંચ્યા હતા. વર્ષ ૧૯૬૯માં અન્નાદુરાઈના અવસાન બાદ પ્રથમ વખત તમિળનાડુના મુખ્યમંત્રી બન્યા હતા.

### કરૂણાના અનેક સમર્થકો આઘાતથી બેભાન થયા

## દફનવિધિની સાથે સાથે.....

તમિળનાડુના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચુકેલા ડીએમકેના વડા એમ કરૂણાનિધિના અંતિમ સંસ્કાર વેળા લોકો ઉમટી પડ્યા હતા. જનસૈલાબ ચેન્નાઈના માર્ગો ઉપર ઉમટી પડ્યા બાદ પોલીસને પણ ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ચેન્નાઈમાં રાજાજી હોલથી કરૂણાનિધિની શવયાત્રા નિકળી હતી ત્યારબાદ મરીના બીચ ઉપર તેમની દફનવિધિની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અંતિમવિધિની સાથે સાથે નીચે મુજબ છે.

- પાંચ વખતના મુખ્યમંત્રી કરૂણાનિધિને શ્રદ્ધાંજલિ આપવા ચેન્નાઈમાં લોકો ઉમટી પડ્યા
- ચેન્નાઇના તમામ માર્ગો ઉપર સમર્થકોના સૈલાબને રોકવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, ફિલ્મસ્ટાર રજનીકાંત અને કમલ હાસન પણ શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા
- કલાઈનાર નામથી લોકપ્રિય ડીએમકે નેતાના અંતિમ દર્શન માટે ચેન્નાઈમાં રાજાજી હોલ ઉપર પણ ભીડ જામી
- એક સમયે દ્રવિડ આંદોલનના કેન્દ્રબિંદુ રહેલા કરૂણાનિધિની અંતિમયાત્રા સાંજે ચાર વાગ્યાની આસપાસ શરૂ કરવામાં આવી
- ત્રણ કિલોમીટરના માર્ગ ઉપર અંતિમ યાત્રા રહ્યા બાદ દફનવિધિના સ્થળે પહોંચી
- રાજાજી હોલથી મરીના બીચ સુધીના માર્ગ ઉપર લોકો ઉમટી પડ્યા
- લોકોની અવરજવર પર નજર રાખવા ડ્રોનનો ઉપયોગ કરાયો
- મરીના તરફ દોરી જતાં રસ્તાઓને બંધ કરવાની ફરજ પડી
- સંપૂર્ણ રાજકીય સન્માન સાથે દફનવિધિ કરાઈ
- આરજેડીના તેજસ્વી યાદવ, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ સ્ટાલિનની સાથે દેખાયા
- રાહુલ ગાંધીએ રાજાજી હોલ ખાતે પહોંચીને શ્રદ્ધાંજલિ આપી
- ચેન્નાઈમાં રાજાજી હોલ ખાતે અંતિમદર્શન વેળા ભાગદોડમાં બે લોકોના મોત થયા
- કરૂણાનિધિની સમાધિ માટે જમીનને લઈને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો પરંતુ દફનાવવાની મંજુરી મળી ગઈ

## મોદી, રાહુલ, રજનીકાંત અને કમલ હાસન દ્વારા પણ અંજલિ

**(એજન્સી) ચેન્નાઈ,**

કરૂણાનિધિને શ્રદ્ધાંજલિ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, ફિલ્મ સ્ટાર રજનીકાંત, ફિલ્મ સ્ટાર કમલ હસન સહિતની તમામ હસ્તીઓ પહોંચી હતી. એક સમયે દ્રવિડ આંદોલનના કેન્દ્રબિંદુ રહેલા કરૂણાનિધિની અંતિમ યાત્રા આજે શરૂ થઇ હતી તે પહેલા તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે તમામ ટોચની હસ્તીઓ પહોંચી હતી. કરૂણાનિધિને જે કાંચના બોક્સમાં રાખવામાં આવ્યા હતા તેના ઉપર લખવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિ કોઇપણ આરામ વગર કામ કરી રહી હતી તે વ્યક્તિ હવે આરામ કરી રહી છે. મરીના બીચ ઉપર કરૂણાનિધિ માટે સમાધિ બનાવવા માટેનો મામલો પણ ખુબ જ ગરમ બન્યો હતો અને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. અભિનેતા કમલ હસને પણ રાજાજી હોલ ખાતે પહોંચીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મરીના બીચ ઉપર અન્ના મેમોરિયલ નજીક લોકો ઉમટી પડ્યા હતા. દફનવિધિની તૈયારીઓ પહેલાથી શરૂ કરવામાં આવી હતી. લોકો ઉપર નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આર્મીની ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી હતી. મરીના બીચ ઉપર કરૂણાનિધિની દફનવિધિ થઇ હતી. આરજેડીના તેજસ્વી યાદવ, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ એમકે સ્ટાલિનની સાથે દેખાયા હતા. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ રાજાજી હોલ ખાતે પહોંચીને કરૂણાનિધિને શ્રદ્ધાંજલિ આપી હતી. કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ પહોંચ્યા હતા. ત્રણ કિલોમીટરથી પણ વધુના માર્ગ ઉપર અંતિમયાત્રા નિકળી હતી. સાંજે ચાર વાગ્યાની આસપાસ રાજાજી હોલથી આની શરૂઆત કરવામાં આવી હતી.

### સેંસેક્સ ૩૭૮૮૮ની રેકોર્ડ ઉંચી સપાટીએ

## દલાલ સ્ટ્રીટમાં તેજી : ૨૨૨ પોઇન્ટ સુધીનો મોટો ઉછાળો

### નિફ્ટી ૬૧ પોઇન્ટ ઉછળીને ૧૧૪૫૦ની સપાટી ઉપર આરઆઈએલ શેરમાં ૨.૮૫ ટકા સુધીનો મોટો ઉછાળો

**(એજન્સી) મુંબઇ,**

શેરબજારમાં આજે તેજી જોવા મળી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૨૨ પોઇન્ટ ઉછળીને ૩૭૮૮૮ની રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી ૬૧ પોઇન્ટ ઉછળીને ૧૧૪૫૦ની ઉંચી સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રાડેની સોદાબાજી દરમિયાન બીએસઈ સેંસેક્સ ૩૭૯૩૧ની ઉંચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી પણ રેકોર્ડ ૧૧૪૬૦ની સપાટી પર રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને ફાઈનાન્સિયલ શેરોમાં તેજી જામી હતી. માર્કેટ હેવીવેઇટ રિલાયન્સ શેરમાં આજે ૨.૮૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી પીએસયુ ેંક ઈન્ડેક્સમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડાના શેરમાં જોરદાર લેવાલી જામી હતી. અ ે િ શ ય ન ા શેરબજારમાં સતત ચોથા દિવસો રિકવરી રહી હતી. તેલ કિંમતો બુધવારના દિવસે સ્થિર રહી હતી. અમેરિકા દ્વારા હાલમાં ક્રૂડને લઇને કેટલીક નવી નીતિઓ અમલી કરવામાં આવી છે. બ્રેન્ટ ક્રુડની કિંમત આજે ચાર સેન્ટ ઘટીને ૭૪.૬૧ ડોલર પ્રતિબેરલ નોંધાઈ હતી. ત્રિમાસિક ગાળાના પરિણામ ઉપર તમામની નજર કેન્દ્રિત છે. આ સપ્તાહમાં જુલાઈ ત્રિમાસિક ગાળાના આંકડા મોટી કંપનીઓ દ્વારા જાહેર કરવામાં આવનાર છે. જેના ભાગરૂપે આવતીકાલે નવમી ઓગસ્ટના દિવસે અરવિંદો ફાર્માના પરિણામ જાહેર કરાશે. ગેલ ઈન્ડિયા, હિન્દાલકો ઈન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ૧૦મી ઓગસ્ટના દિવસે તેમના રિપોર્ટ કાર્ડ રજુ કરાશે. આવી જ રીતે ભારત દ્વારા સપ્ટેમ્બર મહિનામાં કેટલીક અમેરિકી ચીજવસ્તુઓ પર વિલંબથી ટેરીફ લાગુ કરવામાં આવનાર છે. ભારત અને અમેરિકા વચ્ચે ટેરીફને લઈને મતભેદો વધ્યા છે. હાલમાંડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ તરીકે સત્તારૂઢ થયા બાદથી આ મતભેદો વધ્યા છે. ૨૦૧૬માં દ્વિપક્ષીય કારોબારનો આંકડો ૧૧૫ અબજ ડોલરનો હતો પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રના પરિણામ સ્વરૂપે આ આંકડો ૩૧ અબજ ડોલર સુધી નીચે પહોંચી ગયો છે.

ગઇકાલે મંગળવારના દિવસે કારોબારના અંતે સેંસેક્સ ૨૬ પોઇન્ટ ઘટીને ૩૭૬૬૬ની સપાટી ઉપર રહ્યો હતો જ્યારે નિફ્ટી બે પોઇન્ટ ઉછળીને ૧૧૩૮૯ની સપાટી પર રહ્યો હતો. માર્કેટની દિશા નક્કી કરવામાં હવે મોનાસુનાની ભૂમિકા રહી શકે છે. મોનસૂનની પ્રગતિ ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં નોર્મલ રહેવાની શક્યતા દેખાઈ રહી છે. ઓગસ્ટ-૨૦૧૮ દરમિયાન વરસાદ એલપીએના ૯૭ ટકાની આસપાસ રહી શકે છે. તેમાં ૯ ટકા પ્લસ માઈનસની શક્યતા રહેલી છે. સ્કાઈમેટ દ્વારા કહેવામાં આવ્યું છે. આ વર્ષની મોનસૂનની આગાહીમાં હવે ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં સામાન્ય કરતા ઓછા વરસાદ રહેશે. બજાર પર અન્ય જે પરીબળોની અસર દેખાનાર છે તેમાં વૈશ્વિક બજારમાં પ્રવાહ, વિદેશી અને સ્થાનિક મૂડીરોકાણકારો દ્વારા રોકાણ, ડોલર સામે રૂપિયાની ચાલ, ક્રુડ ઓઈલની કિંમતમાં ઉથલપાથલની અસર જોવા મળશે.

## તેજીની સાથે સાથે.......

- શેરબજારમાં નવી રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી
- સેંસેક્સ ૨૨૨ પોઇન્ટ ઉછળી ૩૭૮૮૮ની સપાટીએ
- નિફ્ટી ૬૧ પોઇન્ટ ઉછળી ૧૧૪૫૦ની સપાટીએ
- સેંસેક્સ અને નિફ્ટી બંને ઓલટાઇમ હાઈ સપાટી ઉપર
- માર્કેટ હેવીવેઇટ આરઆઈએલના શેરમાં ૨.૮૫ ટકાનો ઉછાળો નોંધાયો
- પીએસયુ બેંક ઈન્ડેક્સમાં એક ટકા સુધીનો ઉછાળો
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડામાં તેજી રહી
- એશિયન શેરબજારમાં સતત ચોથા દિવસે રિકવરી જામી

### જયલલિતા અને કરૂણાનિધિએ પરંપરા જાળવી

# હિન્દુ હોવા છતાં કરૂણાનિધિની દફનવિધિ કરવામાં આવી

### દ્રવિડ આંદોલનની સાથે જોડાયેલા નેતાની દફનવિધિ થઇ છે : બ્રાહ્મણવાદ અને હિન્દુ ભાષા વિરુદ્ધ દ્રવિડ આંદોલન

**(એજન્સી) ચેન્નાઈ,**

મદ્રાસ હાઈકોર્ટે ડીએમકેના અધ્યક્ષ અને તમિળનાડુનના દ્રવિડ આંદોલનના યોદ્ધા કરૂણાનિધિને મરીના બીચ ઉપર દફનાવવાની મંજુરી આપ્યા બાદ આ વિષયને લઈને પણ સમર્થકોમાં ચર્ચા રહી હતી. એક હિન્દુ નેતા હોવા છતાં કરૂણાનિધિની દફનવિધિ કેમ કરવામાં આવી તેને લઈને ચર્ચા જાગી હતી પરંતુ આની પાછળ કારણ એ રહ્યું છે કે, તેમનું દ્રવિડ આંદોલન સાથે કનેક્શન રહ્યું છે. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા મોટાભાગના નેતાઓની હજુ સુધી દફનવિધિ જ કરવામાં આવી છે. પેરિયાર, ડીએમકેના સ્થાપક અન્ના દુરાઈ, એમજી રામચંદ્રન, જયલલિતા આ તમામને મરીના બીચ ઉપર જ જગ્યા મળી છે જેથી કરૂણાનિધિને પણ દફનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હકીકતમાં દ્રવિડ આંદોલન મુખ્યરીતે બ્રાહ્મણવાદ અને હિન્દી ભાષાના વિરોધથી શરૂ થયું હતું. આજ કારણસર દ્રવિડો પ્રત્યે સંવેદના રાખનાર રાજનેતાઓના અવસાન બાદ તેમને બ્રાહ્મણવાદ અને હિન્દુ પરંપરાની વિરુદ્ધ દફનાવવામાં આવ્યા છે. આ પરંપરા તમિળનાડુમાં બ્રાહ્મણવાદી પરંપરાની વિરુદ્ધ લાંબા સમયથી ચાલી રહી છે. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા નેતા ભગવાનને માનતા નથી. કરૂણાનિધિ પોતે પણ કહી ચુક્યા હતા કે, તેઓ નાસ્તિક છે. તેમને ભગવાનમાં આસ્થા નથી. દ્રવિડ આંદોલનના પિતામાહ તરીકે સમાજ સુધારક રામાસ્વામી પેરિયારને ગણવામાં આવે છે. તેઓએ બ્રાહ્મણવાદી વિચારધારા અને હિન્દુ કુરીતિઓનો વિરોધ કર્યો હતો. ૧૯૪૪માં પેરિયારે દ્રવિડ કઝાગમ નામથી પાર્ટીની રચના કરી હતી. જો કે, મોડેથી અન્ના દુરાઈ સાથે તેમના મતભેદ થયા હતા જેના લીધે અન્ના દુરાઈએ દ્રવિડ મુનેત્ર કઝગમ એટલે કે ડીએમકેની રચના કરી હતી. આ પાર્ટી મારફતે તમિળનાડુની રાજનીતિમાં પોતાના વિશેષ સ્થાન રાખનાર નેતાઓના એમજી રામચંદ્રન અને કરૂણાનિધિ હતા. અન્ના દુરાઈના મોત બાદ ડીએમકેની જવાબદારી કરૂણાનિધિના હાથમાં આવી હતી. મતભેદોના લીધે એમજીઆરે ત્યારબાદ અન્ના દ્રમુક નામની અલગ પાર્ટીની રચના કરી હતી. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા નેતાઓમાંથી જયલલિતા પણ એક હતા. જયલલિતા આયંગર બ્રાહ્મણ હતા અને માથા પર આયંગર તિલક લગાવતા હતા પરંતુ તેમને પણ અવસાન થયા બાદ દફનવિધિની પ્રક્રિયાથી જ આગળ વધારવાનો નિર્ણય કરાયો હતો. આવી જ રીતે દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા તમામ મોટા નેતાઓની દફનવિધિ કરવાની પરંપરા રહી છે. જયલલિતા અને કરૂણાનિધિએ આ પરંપરાને આગળ વધારી છે. તમિળનાડુના નેતાઓને દફનાવવા માટે એક રાજકીય કારણ પણ ગણવામાં આવે છે. દફનાવવામાં આવ્યા બાદ નેતા પોતાના સમર્થકો વચ્ચે સ્મારક તરીકે હંમેશા લોકોની વચ્ચે રહે છે. કરૂણાનિધિની સમાધિ પણ રાજકીય પ્રતિક તરીકે બની જશે.





ઈશરત કેસના સંદર્ભમાં સીબીઆઈ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેના ભાગરુપે એનકે અમીન અને અન્યો પણ હાજર રહ્યા હતા.

### સીબીઆઇ સ્પેશ્યલ કોર્ટે ડિસ્ચાર્જ અરજી ફગાવી

# ઇશરત કેસમાં વણઝારા અને અમીનની અરજીને ફગાવાઇ

## બંને આરોપી સામે કાનૂની પ્રક્રિયા માટે સરકારની જરૂરી મંજૂરી કેમ મેળવાઇ નથી તે મુદ્દે ખુલાસો કરવાનો આદેશ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ઈશરત જહાં બોગસ એન્કાઉન્ટર કેસમાં પૂર્વ ઉચ્ચ પોલીસ અધિકારી ડી.જી.વણઝારા અને એન.કે.અમીનની આ કેસમાંથી તેઓને બિનતહોમત છોડી મૂકવા અંગેની ડિસ્ચાર્જ અરજી આજે અત્રેની સીબીઆઇ વિશેષ અદાલતે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. સીબીઆઇ કોર્ટે બંને પૂર્વ ઉચ્ચ પોલીસ અધિકારીઓને કોઇપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. સીબીઆઇ સ્પેશ્યલ કોર્ટે ઠરાવ્યું કે, બંને અરજદાર આરોપીઓએ અગાઉના પૂર્વ ઉચ્ચ પોલીસ અધિકારી પી.પી.પાંડેની ડિસ્ચાર્જ અરજી મંજૂર કરાઇ તેનો આધાર રાખ્યો છે પરંતુ તેઓની આ માંગણી અસ્થાને છે. કારણ કે, પી.પી.પાંડેનો કેસમાં ભૂમિકા સાબિત થાય તેવા પુરાવા ન હતા, જયારે પ્રસ્તુત કેસમાં વણઝારા અને અમીન બંને સામે પ્રથમદર્શનીય પુરાવા ઉપલબ્ધ છે. આ સંજોગોમાં તેમને કેસમાંથી બિનતહોમત છોડી શકાય નહી. અલબત્ત કોર્ટે આ બંને આરોપીઓ સામે કાનૂની કાર્યવાહી માટે સરકારની જરૂરી મંજૂરી કેમ મેળવાઇ નથી તે મુદ્દે એક મહિનામાં ખુલાસો કરવા જણાવ્યું છે. સાથે સાથે સીબીઆઇને હવે પણ આરોપી સામે જરૂરી મંજૂરી મેળવવા અને જો મેળવી હોય તો કોર્ટ સમક્ષ રજૂ કરવા પરવાનગી આપી હતી. સીબીઆઇ કોર્ટમાંથી રાહત નહી મળતાં હવે આ બંને અધિકારીઓ દ્વારા ચુકાદાના અભ્યાસ બાદ આગામી દિવસોમાં ગુજરાત હાઇકોર્ટમાં અરજી કરવામાં આવે તેવી પણ શકયતા પ્રવર્તી રહી છે. ડી.જી.વણઝારા અને એન.કે.અમીનની ડિસ્ચાર્જ અરજીનો સખત વિરોધ કરતાં સીબીઆઇ તરફથી સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર આર.સી.કોડેકરે જણાવ્યું હતું કે, ખૂબ જ સંવેદનશીલ અને મહત્વના એવા આ નકલી એન્કાઉન્ટર કેસમાં કુલ ૧૧ કરતાં વધુ સાહેદોએ વણઝારા અને અમીન વિરૂધ્ધ સીધો પુરાવો આપ્યો છે, જેમાં કલમ-૧૬૪ હેઠળના નિવેદન અને જુબાનીઓનો પણ સમાવેશ થાય છે. બંને આરોપીઓ વિરૂધ્ધના પુરાવામાં એ સ્પષ્ટ થાય છે કે, પોલીસે ઈશરત સહિતના ચારેય જણાંને તા.૧૪ જૂન,૨૦૦૪ પહેલાં જ ગેરકાયદે રીતે અટકાયતમાં રાખ્યા હતા અને તા.૧૫મીએ પાકિસ્તાનથી મુખ્યમંત્રી મોદી સહિતના મહાનુભાવોને ઉડાવી દેવાના કાવતરા સાથે ફિદાઈનો આવ્યા છે તેવી ખોટી ફરિયાદ ઉભી કરી પ્લાન મુજબ, કોતરપુર વોટર વર્કસ પાસે ચારેય જણાંને નકલી એન્કાઉન્ટરમાં ઠાર માર્યા હતા. આમ, બંને આરોપીઓ વિરૂધ્ધ કેસમાં પ્રથમદર્શનીય અને સીધા પુરાવા હોઈ તેઓને ડિસ્ચાર્જ કરી શકાય નહી. સ્પેશ્યલ પીપી આર.સી.કોડેકરની દલીલો ગ્રાહ્ય રાખી સીબીઆઇ કોર્ટે વણઝારા અને અમીનની ડિસ્ચાર્જ અરજી આકરા વલણ સાતે ફગાવી દીધી હતી. ઈશરત જહાંની માતા શમીમા કૌસરે ડી.જી.વણઝારા અને એન.કે. અમીનની ડિસ્ચાર્જ અરજીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, બંને સેવાનિવૃત પોલીસ અધિકારીઓ વણઝારા અને અમીન વિરૂધ્ધ આ કેસમાં પૂરતા અને પ્રથમદર્શનીય પુરાવાઓ છે. રેકોર્ડમાં દાખલ પુરાવાઓ અનુસાર બંને પૂર્વ ઉચ્ચ પોલીસ અધિકારીઓ બનાવ વખતે ઘટનાસ્થળ પર જ હાજર હતા અને કોલ રેકોર્ડ અનુસાર બંને ઘટનામાં અન્ય આરોપીઓની સાથે સતત સંપર્કમાં હતા. આ અગાઉ ઈશરત જહાં કેસમાં ગુજરાત પોલીસના પૂર્વ પ્રભારી મહાનિર્દેશક પી. પી. પાંડેને સીબીઆઇ કોર્ટે સાક્ષીઓના અભાવે ફેબ્રુઆરીમાં આરોપમુક્ત (ડિસ્ચાર્જ)જાહેર કર્યા હતા. જેનો આધાર લઈ ડી.જી. વણઝારાએ પેરીટીના ગ્રાઉન્ડ પર પોતાને આરોપમુક્ત કરવાનો આગ્રહ કર્યો હતો. વણઝારાએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે એજન્સી દ્વારા દાખલ કરવામાં આવેલા આરોપપત્ર કાલ્પનિક છે અને સાક્ષીઓના નિવેદનો ઘણાં જ સંદિગ્ધ છે. તેમની વિરૂધ્ધમાં પૂરતા પુરાવા પ્રસ્થાપિત થતા નથી. એન.કે.અમીને પણ કંઇક આ જ પ્રકારની દલીલો દ્વારા પોતાનો બચાવ રજૂ કરી કેસમાંથી બિનતહોમત છોડી મૂકવા માંગણી કરી હતી. જો કે, કોર્ટે તેમની દલીલો ફગાવી હતી. ઉલ્લેખનીય છે કે, ગત તા.૧૫ જૂન, ૨૦૦૪નાં રોજ શહેરના કોતરપુર વોટરવર્કસ પાસે ૧૯ વર્ષની ઈશરત જહાં સહિત જાવેદ શેખ, અમઝદ અલી રાણા અને જીશાન એમ કુલ ચાર જણાંને ક્રાઈમબ્રાંચના અધિકારીઓ દ્વારા નકલી એન્કાઉન્ટમાં ઠાર મરાયા હતા. હાઇકોર્ટે રચેલી સીટના રિપોર્ટમાં આ વાત સાબિત થઇ હતી.

# ચાંદખેડામાં ફરીવાર ધાડપાડુ ટોળકી ત્રાટકતા ભય ફેલાયો

## પીછો કરવામાં આવતા ધાડપાડુઓએ પથ્થરમારો કરીને આંતક મચાવ્યો : ચાંદખેડા પોલીસની ગુનો નોંધીને તપાસ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેર છેવાડે આવેલો ચાંદખેડા વિસ્તારમાં ફરી એકવાર ચોરી ધાડની ઘટના બની છે. સતત બીજા મહિને પથ્થર સાથે આવતી લૂંટારુ ટોળકી પરિવારજનો પર પથ્થરમારો કરી એક લાખ રૂપિયાની મતાની ચોરી કરી ફરાર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. ખાસ કરીને સ્થાનિક રહીશોમાં ધાડપાડુ ટોળકીને લઇ ફફડાટની લાગણી ફેલાઈ હતી. ચાંદખેડા પોલીસે આ બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના ચાંદખેડાના ટીપી-૪૪ રોડ પર શ્રીરંગ સોસાયટી પાસે આવેલા પાઈનેપલ બંગલોઝમાં મિતેશભાઈ પટેલ (ઉ.વ.૪૦) તેમના પરિવાર સાથે રહે છે. મિતેશભાઈ ખાનગી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. રવિવાર રાતે પરિવારજનો સૂઈ ગયા હતા. મોડી રાતે ત્રણેક વાગ્યાની આસપાસ ઘરમાં અવાજ થતાં પરિવારજનો જાગી ગયા હતા. બેડરૂમથી બહાર આવીને જોતાં મોઢે રૂમાલ બાંધેલા ત્રણથી ચાર અજાણ્યા માણસો બહાર ઊભા હતા. મિતેશભાઈએ બુમાબુમ કરતાં તેઓ મકાનમાંથી નીચે ઊતરી ગયા હતા. બધા જાગી અને તેઓને પકડવા જતા તસ્કરોએ તેમની પાસે રહેલા પથ્થરથી પથ્થરમારો કર્યો હતો. પથ્થર મારવાથી મિતેશભાઈના બાજુમાં આવેલા બંગલાની ગેલેરીનો કાચ પણ તૂટી ગયો હતો. તસ્કરો નાસી જતાં તેઓએ પોલીસને જાણ કરી હતી. ચાંદખેડા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઘરમાં તપાસ કરતાં તસ્કરો મુખ્ય દરવાજાનું લોક અને સ્ટોપર કોઈ સાધન વડે તોડી અને અંદર પ્રવેશ્યા હતા. મુખ્ય રૂમમાં મૂકેલા પર્સ અને ટેબલ પર પડેલા રોકડ રૂ. ૭ હજાર, ૭ તોલાના સોનાના દાગીના અને બીજા રોકડ રૂ. દસ હજાર મળી કુલ રૂ. એક લાખની આસપાસની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયા હતા. ઘરમાંથી ચોરીના બનાવને લઈ ચાંદખેડા પોલીસે ચોરી અને નુકસાન અંગેનો ગુનો નોંધ્યો છે. ચાંદખેડા હથિયાર અને પથ્થર સાથે આવતી ટોળકી દ્વારા ઘરમાં ઘૂસી અને ચોરી કે લૂંટફાટનો આ કોઈ નવો બનાવ નથી ગત મહિને પણ ચાંદખેડા ગામની પાછળ આવેલા આમ્રકુંજ બંગલોઝમાં ત્રણ નંબરના બંગલામાં રહેતા અને નિવૃત્ત આર્મીમેન પ્રેમકુમાર અવસ્થીના ઘરે ચડ્ડી બનિયાનધારી ટોળકી આવી હતી. તેમની પત્ની પર દંડા વડે હુમલો કરી અને રૂ. ત્રીસ હજારની સોનાની ચેઈન લૂંટી ફરાર થઈ ગયા હતા. પરિવારજનો જાગી જતાં આ ટોળકી હુમલો કરી અને ફરાર થઇ ગઇ હતી. ડિસેમ્બર ૨૦૧૭માં પણ હથિયારધારી ચોર ટોળકી અરવિંદભાઈ પટેલના બંગલોઝમાં ત્રાટકી હતી અને લાખો રૂપિયાના સોનાના દાગીના અને રોકડ રકમ સહિતની મતાની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. બંગલોઝમાં સેફટી ડોર હોવા છતાં ચોર ટોળકી આ દરવાજાને તોડી અંદર પ્રવેશી ચોરી કરવા સફળ થઈ જાય છે. બંગલોઝમાં બેથી ત્રણ વખત ચોરીના બનાવો બની ચુક્યા હોવા છતાં ફરી ચોરી-લૂંટની ઘટના બનતાં બંગલોઝમાં સિક્યોરિટી પર સવાલ ઊભા થયા છે. ચાંદખેડા પોલીસની વિસ્તારમાં પેટ્રોલિંગ અને કામગીરીની સાવ નબળી હોવાના કારણે ચોર-લૂંટારુ ટોળકી બેફામ બની હોવાની ફરિયાદ સ્થાનિક નાગરિકો કરી રહ્યા છે.

# લાદેનના પુત્રએ અટ્ટાની પુત્રી સાથે નિકાહ કર્યા છે

**(એજન્સી) લંડન,**

ઓસામા બિન લાદેનના પુત્ર હમઝા બિન લાદેને સપ્ટેમ્બર ૨૦૦૧માં અમેરિકા પર વિમાનોનું અપહરણ કરીને આત્મઘાતી હુમલા કરનાર ત્રાસવાદીઓની ટોળકીનું નેતૃત્વ કરનાર રિંગ લીડર પૈકીના એક અને મુખ્ય હાઈઝેકર કુખ્યાત મોહમ્મદ અટ્ટાની પુત્રી સાથે લગ્ન કર્યા હતા. પરિવાર તરફથી આ અંગની માહિતી આપી દેવામાં આવી છે. અલકાયદાના લીડર અને એક વખતે અમેરિકા સહિતના દુનિયાના દેશોને હચમચાવી મુકનાર ઓસામા બિન લાદેનના પુત્રના લગ્નના અહેવાલને બિન લાદેનના પરિવારના લોકો દ્વારા સમર્થન આપી દેવામાં આવ્યું છે. ઈજિપ્તિયન નાગરિક અને કુખ્યાત મોહમ્મદ અટ્ટાએ અમેરિકન એરલાઈન્સની ફ્લાઇટ-૧૧નું અપહરણ કર્યું હતુ અને તે આ વિમાનમાં પાયલોટ તરીકે ગોઠવીને આ વિમાનને વર્લ્ડ ટ્રેડ સેન્ટરના નોર્થ ટાવર સાથે અથડાવી દીધું હતુ. આ બનાવમાં તમામ ૧૯૨ વિમાની યાત્રીઓના મોત થયા હતા અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર દુર્ઘટનામાં બીજા ૧૬૦૦ લોકોના મોત થયા હતા. મોહમ્મદ અટ્ટા આ વિમાનને ઓપરેટ કરી રહ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મોહમ્મદ અટ્ટાની પુત્રી સાથે હમઝા બિન લાદેનના લગ્ન થઇ ગયા છે. હમઝા બિન લાદેન પણ અલકાયદામાં હવે મજબૂત સ્થિતિ મેળવી રહ્યો છે અને પિતાના મોતનો બદલો લેવાની યોજના પણ ધરાવે છે. પરિવારના લોકોનું કહેવું છે કે, હમઝા જે ૨૯ વર્ષીય છે તે ઓસામા બિન લાદેનની ત્રણ જીવિત પત્નિઓ પૈકીની એક પત્નિનો પુત્ર છે. તે સાબર નામની લાદેનની પત્નિનો પુત્ર છે જે જ્યારે લાદેનને અમેરિકાએ ઓપરેશન હાથ ધરીને હેપ્ટાબાદમાં મોતને ઘાટ ઉતારવામાં આવ્યો ત્યારે તેની સાથે હતી. ત્યારબાદથી જુદા જુદા નિવેદનો આવતા રહ્યા છે. હમઝા બિન લાદેન તરફથી પણ અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ તથા ઈઝરાયેલ ઉપર યુદ્ધ છેડી દેવા માટે વારંવાર રજૂઆત કરવામાં આવી ચુકી છે. આતંકવાદીઓના અન્ય લીડરો અલ જવાહીરીના ડેપ્યુટી તરીકે પણ તેને જોવામાં આવે છે.

### કરૂણાનિધિના દર્શન માટે પડાપડી વેળા ભાગદોડ

# કરૂણાનિધિ અવસાન : રાજાજી હોલમાં ભાગદોડમાં બેના મોત

## સવારમાં ૧૧.૧૫ વાગ્યાની આસપાસ પોલીસે ટુકડીમાં સમર્થકોને જવાની મંજુરી અપાયા બાદ સ્થિતિ કાબૂ બહાર

**(એજન્સી) ચેન્નાઇ,**

ચેન્નાઈમાં રાજાજી હોલ ખાતે મચી ગયેલી ભાગદોડમાં બે લોકોના મોત થયા હતા અને અન્ય ૩૦ લોકો ઘાયલ થયા હતા. રાજાજી હોલ ખાતે તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રીનું પાર્થિવ શરીર રાખવામાં આવ્યું હતું. અહીં કરૂણાનિધિને અંતિમ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સવારે ૧૧.૧૫ વાગ્યાની આસપાસ આ ભાગદોડ મચી ગઈ હતી. તે વખતે પોલીસે તબક્કાવારરીતે બેચમાં રાજાજી હોલમાં પ્રવેશ કરવા લોકોને મંજુરી આપી હતી પરંતુ એકાએક જ જોરદાર ધસારો થયો હતો અને ઘણા લોકો પડી ગયા હતા. તેમની પાછળ રહેલા અન્ય લોકો તેમના ઉપર પડી ગયા હતા. ઘાયલ થયેલાઓને તરત જ રાજીવ ગાંધી સરકારી જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં ગંભીરરીતે ઘાયલ થયેલા એક મહિલા અને એક પુરુષનું મોત થઇ ગયું હતું. મૃત્યુ પામેલા મહિલાની ઓળખ ૬૦ વર્ષીય સેનબાગામ તરીકે થઇ હતી જે એમજીઆરનગરની નિવાસી હતી. પુરુષની ઓળખ થઇ શકી નથી. અગાઉ ડીએમકેના બે ગ્રુપ વચ્ચે પણ મૌખિક બોલાચાલી બાદ ખેંચતાણ થઇ હતી. સામ સામે મારામારી થઇ હતી જેમાં ઘાયલ થયેલા બે લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આજે આ ઘટનાથી ભારે ખળભળાટ મચી ગયો હતો. જો કે, પોલીસે તરત જ સ્થિતિને કાબૂમાં લીધી હતી અને લોકોના ધસારા ઉપર અંકુશ મુકવામાં સફળતા મેળવી હતી. જેના લીધે વધારે નુકસાન ટળી ગયું હતું. ભાગદોડમાં બે લોકોના મોતના સમાચાર પણ આગની જેમ ફેલાયા હતા અને પોલીસે તરત જ બેરીકેડ મુકીને લોકોની અવરજવર ઉપર બ્રેક મુકી દીધી હતી. મૃત્યુ પામેલા પુરુષની ઓળખ કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાક લોકો ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, તેમના નામ પણ હજુ જાણી શકાયા નથી.

# નવભારત ટેલીવૂડ હંગામા

તા.૯-૮-૨૦૧૮ ગુરૂવાર

| સમય | ઝી ટીવી | સ્ટાર પ્લસ | સોની ટીવી | ઝી સિનેમા | કલર્સ | સેટ મેક્સ | સ્ટાર ગોલ્ડ | સ્ટાર મુવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૬.૦૦ | ટેલિશોપિંગ | કુલ્ફી કુમાર બાજેવાલા | ક્રાઈમ પેટ્રોલ | // | ઉડાન | ધૂમ | દ સ્ટેટ વીસ જોલી | // |
| ૦૬.૩૦ | // | ઈશ્કબાઝ | // | ટેલિશોપીંગ | ટેલિસ્લોટ | // | // | કિંગ્સમેન |
| ૦૭.૦૦ | કુમ કુમ ભાગ્ય | મેરિયમ ખાન રિપોર્ટિંગ | // | // | // | // | // | // |
| ૦૭.૩૦ | યે તેરી ગલીયા | યે હૈ મોહબ્બતે | // | કમાન્ડો | // | // | // | // |
| ૦૮.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | વિઘ્નહર્તા ગણેશ | // | રૂપ - મર્દ કા નયા સ્વરૂપ | // | // | // |
| ૦૮.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા ક્યા | મેરે સાઈ | // | બેપનાહ | // | // | // |
| ૦૯.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | // | દિલ હી તો હૈ | // | ડાન્સ દિવાને | // | હાઉસફુલ-૩ | હેનકોક |
| ૦૯.૩૦ | આપકે ઓ જાને સે | યે હૈ મહોબ્બત... | યે ઉન દિનો કી બાત હૈ | // | // | મગધીરા | // | // |
| ૧૦.૦૦ | કુમકુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | કપિલ શર્મા શો | હસીના માન જાયેગી | સિલસિલા બદલતે રિશ્તો કા | // | // | // |
| ૧૦.૩૦ | કાલિરેઈન | યે રિશ્તા ક્યા | // | // | શક્તિ | // | // | // |
| ૧૧.૦૦ | કુંડલી ભાગ્ય | // | // | // | ઉડાન | // | // | ડ્રેગનબોલ |
| ૧૧.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | નજર | ક્રાઈમ પેટ્રોલ | // | તુ આશિકી | // | // | // |
| ૧૨.૦૦ | યે તેરી ગલીયા | યે હૈ મોહબ્બતે | // | // | સિલસિલા | // | જગુઆર | // |
| ૧૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા | // | // | બેપનાહ | સુપર ખિલાડી-૪ | // | // |
| ૦૧.૦૦ | કુંડલી ભાગ્ય | // | // | કમાન્ડો-૨ | રૂપ | // | // | આઈસ એજ |
| ૦૧.૩૦ | આપકે આ જાને સે | મરિયમ ખાન રિપોર્ટિંગ | // | // | ઈશ્ક મેં મરજાવા | // | // | // |
| ૦૨.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | યે હૈ મોહબ્બતે | // | // | સીલસીલા બદલે રીશ્તો કા | // | // | // |
| ૦૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | નજર | // | // | તુ આશિકી | // | કિક | ફાઈન્ડિંગ નેમો |
| ૦૩.૦૦ | યે તેરી ગલીયા | કયામત કી રાત | // | // | નાગિન-૩ | મુન્નાભાઈ એમબીબીએસ | // | // |
| ૦૩.૩૦ | કુંડલી ભાગ્ય | // | // | જિંદા હું મેં | // | // | // | // |
| ૦૪.૦૦ | જીદંગી કી મહેક | યે હૈ મોહબ્તતે | // | // | કૌન હૈ | // | // | // |
| ૦૪.૩૦ | // | ક્રિશ્ના ચલી લંડન | // | // | // | // | // | હોમએલોન-૩ |
| ૦૫.૦૦ | આપકે આ જાને સે | કુલ્ફીકુમાર બાજેવાલા | // | // | શક્તિ | // | // | // |
| ૦૫.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | યે રીશ્તા ક્યા કહેલાતા હૈ | // | // | ઉડાન | // | // | // |
| ૦૬.૦૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | / | મેરા બદલા રિવેન્જ-૨ | બેપનાહ | // | એક્શન જેક્શન | // |
| ૦૬.૩૦ | કુંડલી ભાગ્ય | સબસે સ્માર્ટ કૌન | // | // | સાવત્રી દેવી | અંબાલા | // | // |
| ૦૭.૦૦ | યે તેરી ગલીયા | મરીયમખાન રિપોર્ટીંગ | મેરે સાઈ | // | તુ આશિકી | // | // | દ બોસ બેબી |
| ૦૭.૩૦ | કાલિરેઈન | // | // | // | ઈશ્ક મેં મરજાંવા | // | // | // |
| ૦૮.૦૦ | જિંદગી કી મહેક | હર શાખ પે ઉલ્લુ બેઠા હૈ | વિઘ્નહર્તા ગણેશ | // | શક્તિ | // | // | // |
| ૦૮.૩૦ | પિયા અલબેલા | કુલ્ફીકુમાર બાજેવાલા | પોરસ | // | ઉડાન | // | // | // |
| ૦૯.૦૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | // | તબાહી ઝુલ્મ કી | રુપ | રેમ્બો સ્ટ્રેન્જ ફોરવર્ડ | ડેન્જરસ ખિલાડી | ફેન્ટાસ્ટિક ફોર |
| ૦૯.૩૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા | યે પ્યાર નહીં હો ક્યા હૈ | // | બેપનાહ | // | // | // |
| ૧૦.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ઈશ્કબાજ | દિલ હી તો હૈ | // | સિલસિલા | // | // | // |
| ૧૦.૩૦ | આપકે આ જાને સે | યે હૈ મોહબ્બતે | યે ઉન દિનો કી બાત હૈ | // | દેવ-૨ | // | // | // |
| ૧૧.૦૦ | કુમ કુમ ભાગ્ય | નજર | ક્રાઈમ પેટ્રોલ | // | કૌન હૈ | // | // | // |
| ૧૧.૩૦ | યે તેરી ગલીયા | કુલ્ભીકુમાર બાજેવાલા | // | // | // | // | // | હેલબોય |
| ૧૨.૦૦ | // | // | // | એન્કાઉન્ટર શંકર | // | મેં ઈન્સાફ કરુંગા-૨ | લેક પ્લેસિડ૩ | // |

# અમદાવાદ : મોટાપાયે અતિક્રમણ દૂર કરાયા

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ગુજરાત હાઈકોર્ટના આકરા વલણ અને મહત્વના નિર્દેશો બાદ છેલ્લા એક સપ્તાહથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ડિમોલીશન ડ્રાઇવ અને ટ્રાફિક પોલીસની મદદથી અસરકારક ઝુંબેશ ચલાવી રહી છે. જેના ભાગરૂપે આજે અમ્યુકો તંત્રના અધિકારીઓ પોલીસ સ્ટાફની મદદથી શહેરના નવા વાડજ, અખબારનગર, ચાંદલોડિયા, કાલુપુર દરવાજા, સરખેજ રોડ સહિતના વિસ્તારોમાં ત્રાટકયા હતા અને મોટાપાયે ડિમોલિશન ડ્રાઇવ ચલાવી હતી. તો બીજીબાજુ, ઈસનપુરમાં મહાવીર સ્કૂલથી ગોવિંદવાડી ચાર રસ્તાથી જયમાલાથી મંગલેશ્વરથી આવકાર હોલ સુધીના પટ્ટામાં તેમ જ ગોમતીપુર, સરદારનગર સહિતના વિસ્તારોમાં ટ્રાફિક પોલીસ દ્વારા અસરકારક ટ્રાફિક ઝુંબેશ ચલાવી વાહનો ડિટેઇન, સ્થળ પર દંડની વસૂલાત સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અમ્યુકો તંત્રએ આ વિસ્તારોમાં સંખ્યાબંધ ગેરકાયદે બાંધકામો અને દબાણો પર બુલડોઝર ફેરવી રસ્તાઓની બંને બાજુનો પટ્ટો ખુલ્લો કર્યો હતો. તંત્રના માણસોએ આ વિસ્તારોમાં ગેરકાયદે પાર્કિંગ, ઓટલા, દબાણો અને બાંધકામો પર બુલડોઝર ફેરવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. સરખેજ રોડ પર આજે સતત બીજા દિવસે અમ્યુકો તંત્ર ત્રાટકયુ હતુ અને આ વિસ્તારમાં રોડ પર અડીને કરી દેવાયેલા ગેરકાયદે બાંધકામો, દુકાનો, ઓટલા સહિતના દબાણો બુલડોઝર અને જેસીબી મશીનની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા. સરખેજ રોડ પરના વિસ્તારમાં તંત્રએ મોટાપાયે દબાણો દૂર કર્યા હતા, જેને લઇ સ્થાનિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. તો, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની એસ્ટેટ વિભાગની અલગ અલગ ટીમો દ્વારા પોલીસ તંત્રના કાફલા સાતે મકતમપુરા વોર્ડમાં આવેલા સરખેજ પોલીસ સ્ટેશનથી વિશાલા ચોકડી સુધીના જુહાપુરા વિસ્તારનાં દબાણોને આજે સવારથી દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ હતી. આ ઉપરાંત ચાંદલોડિયા વોર્ડમાં ઉમિયા હોલથી વિશ્વકર્મા મંદિર સુધીના રોડ પરના દબાણો અને ગેરકાયદે બાંધકામોને પણ મોટાપાયે દૂર કરાય હતા. જ્યારે પૂર્વ ઝોનમાં સંવેદનશીલ વિસ્તાર ગણાતા મચ્છી માર્કેટમાં પણ તંત્ર ત્રાટક્યું હતું. એસ.પી. ચોકની કલન્દરી મસ્જિદ સુધીના ૧.૫૦ કિ.મી.લાંબા મોડલ રોડ પરના દબાણ ઉપરાંત વિરાટનગરથી એસ.પી. રિંગ રોડ પરની પામ હોટલ સુધીના મોડલ રોડનાં દબાણ હટાવવાની કામગીરી આજે દિવસભર ચાલી હતી. જેમાં કલન્દરી મસ્જિદથી એસ.પી. ઓફિસ સુધીના રોડ પર મચ્છી માર્કેટનાં વર્ષો જૂના દબાણો અને રસ્તા પરના અવરોધો બુલડોઝર ફેરવી હટાવાયા હતા. મચ્છી માર્કેટમાં વીસથી વધુ ગેરકાયદે શેડ ઊભા કરાયેલા હોઇ તેનો સફાયો બોલાવાતાં સ્થાનિક વેપારીઓમાં રોષની લાગણી ફેલાઇ હતી. કલન્દરી મસ્જિદથી એસ.પી. ચોક સુધીના રોડની ડાબી બાજુના પટ્ટો ઉત્તર ઝોનમાં આવતો હોઇ આજની કામગીરીમાં ઉત્તર ઝોન પણ જોડાયો હતો. જ્યારે મધ્યઝોનમાં રાયપુર દરવાજાથી સારંગપુર સર્કલ થઇને આસ્ટોડિયા રોડ પરના દબાણ અને કાલુપુર દરવાજા સહિતના વિસ્તારોમાં પણ મોટાપાયે દબાણો હટાવવાની ઝુંબેશ હાથ ધરી માર્ગો ખુલ્લા કરાયા હતા.



અમદાવાદ શહેરમાં જુદા જુદા વિસ્તારમાં અતિક્રમણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. આના ભાગરુપે અખબારનગર ચાર રસ્તા પાસે દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

### રીક્ષાચાલકો બેજ અને યુનિફોર્મમાં જોવા મળશે

# અમદાવાદ : ૨૫ હજારથી વધુ રીક્ષા માટે પાર્કિંગ સ્ટેન્ડ બનશે

### પિકઅપ પોઇન્ટ બનાવાશે : સરકાર-કોર્પોરેશન તંત્ર દ્વારા હાઇકોર્ટમાં રજૂઆત : હુકમ અમલી કરવા માટેના આદેશ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેરમાં બિસ્માર રસ્તાઓ, રખડતા ઢોરોના મામલે ગુજરાત હાઇકોર્ટમાં ચાલી રહેલા કેસની સુનાવણી દરમ્યાન આજે ફરી એકવાર જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ એ.વાય.કોગજેની ખંડપીઠે રાજ્ય સરકાર, અમ્યુકો તંત્ર, પોલીસ તંત્ર અને ટ્રાફિક વિભાગને ઉદ્દેશીને તમામ પગલાંઓના અસરકારક અમલ અને સતત મોનીટરીંગ સહિત મહત્વના નિર્દેશો જારી કર્યા હતા અને શહેરમાં રખડતા ઢોરોના ત્રાસ નિવારણ, ગેરકાયદે પાર્કિંગ, દબાણો, ટ્રાફિકની સમસ્યા વિરૂધ્ધની અસરકારક ઝુંબેશ સતત ચાલુ રાખવા કડક તાકીદ કરી હતી. બીજીબાજુ, આજે રાજ્ય સરકાર અને અમ્યુકો તંત્ર તરફથી જવાબ પણ રજૂ કરવામાં આવ્યા હતા અને જણાવાયું હતું કે, હાઇકોર્ટના નિર્દેશાનુસાર સરકાર અને અમ્યુકો તંત્ર તેમ જ પોલીસ-ટ્રાફિક વિભાગ શહેરમાં ટ્રાફિક નિયમન, પાર્કિંગ અને ગેરકાયદે દબાણો મામલે અસરકારક પગલા લેવા કટિબધ્ધ છે. આ મામલે તંત્રના અધિકારીઓની સંયુકત બેઠક પણ મળી હતી અને ઉપરોકત સમસ્યાઓના નિવારણના ભાગરૂપે કેટલાક મહત્વના નિર્ણયો પણ લેવાયા છે. જે મુજબ, શહેરમાં આશરે ૨૫ હજારથી વધુ ઓટોરીક્ષાઓ માટે પાર્કિંગ સ્ટેન્ડ અને પિક અપ પોઇન્ટની વ્યવસ્થા કરવામાં આવશે. આ સિવાય દોઢ લાખ રીક્ષાચાલકોને કાયદેસર બેઝ અને ખાસ યુનિફોર્મ આપવામાં આવશે. એટલું જ નહી, તંત્ર દ્વારા રીક્ષાચાલકોને પાર્કિંગ અને ટ્રાફિક નિયમન માટેની ખાસ તાલીમ આપવામાં આવશે. તેમની સાથે સાથે શહેરની એએમટીએસ અને બીઆરટીએસ બસોના ડ્રાઇવરોને પણ આ અંગેની ખાસ તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવશે. શહેરમાં વિવિધ માર્ગો અને રૂટ પર ૧૦૦થી વધુ મીની બસો પણ દોડાવવામાં આવશે અને શહેરીજનોને વધારાની અને હાથવગી ટ્રાન્સપોર્ટેશન સર્વિસ પણ ઉપલબ્ધ બનાવવામાં આવશે. એટલું જ નહી, શહેરમાં વધારાના પાંચ મલ્ટીલેવલ પાર્કિંગ અને ૫૩થી વધુ પાર્કિંગ પ્લોટ ફાળવવામાં આવશે, જેના કારણે પાર્કિંગની સમસ્યા થોડી હલ થઇ શકશે. સરકાર, અમ્યુકો અને પોલીસ તંત્ર તરફથી આજે હાઇકોર્ટને ઉપરોકત સમસ્યાઓ અને તેના નિવારણ માટે લેવાયેલા પગલાં અને ભાવિ આયોજનો વિશે માહિતી અને વિગતો રજૂ કરતું સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું. હાઇકોર્ટે શહેરમાં રખડતા ઢોરોની સમસ્યાના નિવારણ માટે સરકાર અને અમ્યુકો તંત્રને અસરકારક કાર્યવાહી કરવા અને રખડતા ઢોર પકડવા જતી અમ્યુકોની ટીમ પર હુમલો કરનારા તત્વો વિરૂધ્ધ કડક હાથે પગલા લેવાનો મહત્વનો નિર્દેશ કર્યો હતો. હાઇકોર્ટે અમ્યુકો તંત્ર, પોલીસ અને ટ્રાફિક વિભાગ દ્વારા હાલ શહેરમાં ચાલી રહેલી ઝુંબેશ પરત્વે સંતોષ વ્યકત કર્યો હતો અને સાથે સાથે મીડિયાની જાગૃતિભરી ભૂમિકાની સરાહના પણ કરી હતી. દરમ્યાન લો ગાર્ડન વિસ્તારના લારીગલ્લાવાળા અને પાથરણાવાળા તરફથી પણ હાઇકોર્ટ સમક્ષ રજૂઆત કરી પોતાની વ્યથા કોર્ટના ધ્યાન પર મૂકાઇ હતી અને સ્ટ્રીટ વેન્ડર એકટની અમલવારીની માંગણી કરાઇ હતી. જેને પગલે સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, સરકાર આ દિશામાં વિચારણા કરી રહી છે. દરમ્યાન હાઇકોર્ટે સરકાર અને અમ્યુકો તંત્ર સહિતના સત્તાવાળાઓને સૂચન કર્યું હતું કે, ઉપરોકત ભાવિ આયોજન અને પગલા અંગે ચોક્કસ ટાઇમલાઇન આપો અને નિયત સમયમર્યાદામાં તેની શરૂઆત કરો. એટલું જ નહી, જરૂર પડયે પોલીસ કંટ્રોલ રૂમ, રેડિયો પ્રોગ્રામની મદદ લો, ગુગલ મેપની મદદ લો, જેમાં લોકો જાણી શકે કે, નજીકમાં કયુ પાર્કિંગ ઉપલબ્ધ છે. ૧૦૯૫ નંબરની ટ્રાફિક હેલ્પલાઇનનો પૂરતો પ્રચાર પ્રસાર કરો. સાથે સાથે તમારી તમામ કાર્યવાહી અને પગલાં લેવાયા તેનું સતત મોનીટરીંગ કરો કે જેથી અસરકારક પરિણામ મળી રહે.

### રાજ્યસભાની કાર્યવાહી આખરે મોકૂફ કરાઈ

# રાજ્યસભામાં અમિત શાહના ભાષણ વેળા ફરીવાર હોબાળો

### અમિત શાહના ભાષણ વેળા ટીએમસી અને અન્ય વિરોધ પક્ષના સભ્યોએ હોબાળો મચાવ્યો : વિપક્ષ ઉપર પ્રહારો

**(એજન્સી) નવીદિલ્હી,**

ભાજપના વડા અમિત શાહે રાજ્યસભામાં આજે ફરીવાર નિવેદન કર્યું ત્યારે ભારે ધાંધલ ધમાલ થઇ હતી. અમિત શાહને આજે ફરી ગૃહમાં બોલવાની તક આપવામાં આવી ન હતી. અમિત શાહના ભાષણ દરમિયાન ભારે ધાંધલ ધમાલ થઇ હતી. અમિત શાહે એમએસપી પર નિવેદન કરવાના પ્રયાસ કર્યા હતા પરંતુ ટીએમસીના સભ્યોએ ધાંધલ ધમાલ મચાવી હતી. ટીએમસીના સભ્યો ધાંધલ ધમાલ કરતા રહ્યા હતા અને ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા. સતત ધાંધલ ધમાલના કારણે અધ્યક્ષને બે વખત ગૃહની કાર્યવાહી મોકૂફ કરવાની ફરજ પડી હતી. ત્યારબાદ ગૃહની કામગીરીને દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવી હતી.

ભાજપના વડાને એનઆરસીના મુદ્દા ઉપર ચર્ચા દરમિયાન પણ વિપક્ષે બોલવાની તક આપી ન હતી અને ભારે ધાંધલ ધમાલ થઇ હતી. પોતાના ભાષણ દરમિયાન શાહે ખેડૂતો માટે ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલા કામોનો ઉલ્લેખ કર્યો હતો. અમિત શાહે રાજ્યસભામાં કહ્યું હતું કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ખેડૂતો માટે ખુબ કામ કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકાર દલિતો અને ખેડૂતો માટે કામ કરી રહી છે. કૃષિ ક્ષેત્રે ચિત્ર બદલવાના પ્રયાસ થઇ રહ્યા છે. માત્ર યોજનાઓને લઇને સરકાર આગળ વધી રહી નથી. સરકાર ૨૦૨૨માં ખેડૂતોની આવક બે ગણી કરવાના પ્રયાસમાં લાગેલી છે અને આવક બે ગણી કરીને માનશે. વિપક્ષ ઉપર પ્રહાર કરતા શાહે કહ્યું હતું કે, કેટલીક ટિપ્પણી આવી છે કે આ શકય નથી. તમામને પોતાની વિચારધારા છે પરંતુ સરકાર જે પ્રયાસ કરી રહી છે તે આંકડાઓની દ્રષ્ટિએ પણ જોઇ શકાય છે. અમે કૃષિ બજેટમાં ૭૫ ટકાનો વધારો કરી ચુક્યા છે. ૨૦૦૯થી ૨૦૧૪ સુધી કૃષિ બજેટ માટે એક લાખ ૨૧ હજાર ૮૨ કરોડ રૂપિયાની ફાળવણી થઇ હતી જ્યારે ૨૦૧૪-૧૮ સુધી આ બજેટ વધારીને બે લાખ ૧૧ હજાર ૬૮૪ રૂપિયા કરી દેવામાં આવ્યું છે. એનઆરસી ઉપર ચર્ચા દરમિયાન રાજ્યસભામાં કોંગ્રેસ ઉપર ગેરકાયદે બાંગ્લાદેશીઓને લઇને નરમ વલણ અપનાવવાનો આક્ષેપ કરતા અમિત શાહે કહ્યુ કોંગ્રેસના વડાપ્રધાને આ સમજૂતિ કરી હતી પરંતુ સમજૂતિને અમલી કરવાની હિંમત કરી શક્યા ન હતા. અમારામાં હિંમત હતી એટલે અમે આ કરી શક્યા છીએ. ગેરકાયદે ઘુસણખોરોને કોંગ્રેસ પાર્ટી બચાવવાના પ્રયાસ કેમ કરી રહી છે. તેવો પ્રશ્ન અમિત શાહે કર્યો હતો. જેના પરિણામ સ્વરુપે રાજ્યસભામાં ભારે ધાંધલ ધમાલ શરૂ થઇ હતી અને કાર્યવાહીને અનેક વખત મોકૂફ કરવામાં આવી હતી. મોદી સરકારે ગયા મહિનામાં જ ૧૪ પાકના એમએસપીમાં વધારો કરી દીધો હતો. ત્યારબાદથી મોદી સરકાર ખેડૂતોના મુદ્દાને લઇને આક્રમક દેખાઈ રહી છે અને કોંગ્રેસ પાર્ટી ઉપર આકરા પ્રહારો કરી રહી છે. ખેડૂતો માટે અનેક પગલા લેવામાં આવી રહ્યા હોવાની વાત પણ કરવામાં આવી રહી છે.

# ખેડૂતોને આઠ કલાકના બદલે ૧૦ કલાક વિજળી : સરકાર

### ૭૩૦૮ ફીડરોના આશરે ૧૫ લાખ ખેડૂતોને લાભ મળશે સરકાર ઉપર પ્રતિમાસ ૨૫૦ કરોડનું ભારણ વધી જશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

રાજ્યના ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની સંવેદનશીલ સરકારે વરસાદ ખેંચાતા જ ખેડૂતોના વિશાળ હિતને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે પ્રતિદિન આઠ કલાકને બદલે દસ કલાક વીજળી આપવાનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે. ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, વરસાદ ખેંચાતા ખેતરના ઊભા પાકને પાણી આપવાની જરૂરીયાત ઊભી થતાં રાજ્ય સરકારે ખેડૂતોના વિશાળ હિતને ધ્યાને લઈને પ્રતિદિન આઠ કલાકને બદલે દસ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો છે. જેનાથી રાજ્યભરના ૭૩૦૮ કૃષિ ફીડરોના ૧૫ લાખ જેટલા ખેડૂતોને તાત્કાલિક ધોરણે લાભ મળશે. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ નિર્ણયથી ઉત્તર ગુજરાતના ૨૮૬૩ ફીડરો, પશ્ચિમ ગુજરાતના ૩૪૭૧ ફીડરો, મધ્ય ગુજરાતના ૬૧૮ અને દક્ષિણ ગુજરાતના ૩૫૬ ફીડરો મળી રાજ્યભરના કુલ ૭૩૦૮ કૃષિલક્ષી ફીડરોના અંદાજે ૧૫ લાખ ખેડૂતોને આ લાભ મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયને કારણે રાજ્ય સરકાર ઉપર પ્રતિ માસ ૨૦૦ થી ૨૫૦ કરોડનું આર્થિક ભારણ આવશે તેમ જણાવતાં ઊર્જા મંત્રીએ કૃષિ ક્ષેત્રે વીજ વપરાશની વિગતો આપતા જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં પ્રતિદિન ૬.૮ કરોડ યુનીટ વીજળી કૃષિ ક્ષેત્રે આપવામાં આવે છે. રાજ્યમાં આઠ કલાકને બદલે વધારાના બે કલાક એટલે કે દસ કલાક વીજ પુરવઠો આપવાના રાજ્ય સરકારના નિર્ણયથી વધારાના ૧.૨ કરોડ યુનિટ વીજળી વપરાશે. આમ કૃષિ ક્ષેત્રે દૈનિક આઠ કરોડ યુનિટ વીજળી આપવામાં આવશે. જે અત્યાર સુધીમાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે અપાતો સૌથી વધુ વીજ પુરવઠો છે.

### રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને બંધારણીય દરજ્જો

# સમતામૂલક સમાજનું નિર્માણ ભાજપની કટિબદ્ધતા : વાઘાણી

### પછાત વર્ગના કરોડો લોકોને ન્યાય અપાવવા અને વિકાસ પથ પર આગળ વધારવાના વચનને વડાપ્રધાને પાળ્યું છે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને સંવૈધાનિક દરજ્જો અપાવવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તથા કેન્દ્ર સરકારને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, દેશના પછાત વર્ગના કરોડો રૂપિયા લોકોને ન્યાય અપાવવા તેમજ તેમને વિકાસપથ પર આગળ વધારવાના પોતાના વચનને પ્રધાનમંત્રીએ પૂર્ણ કર્યું છે. સૌના સાથ સૌના વિકાસના મંત્ર સાથે પછાત વર્ગોના વિકાસ માટેનું આ એક ઐતિહાસિક પગલું છે. વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષો સુધી કેન્દ્રમાં સત્તા પર રહેલી કોંગ્રેસે ગરીબોના નામે મત લઇ માત્ર જાતિવાદની રાજનીતિ કરી પરંતુ દેશના પછાત તેમજ ગરીબ વર્ગના કલ્યાણ માટે કશુંય કર્યું નહીં. પછાત વર્ગ આયોગને સંવૈધાનિક દરજ્જો આપતું આ બિલ ગયા વખતે લોકસભામાં પસાર થયેલ હતું પરંતુ કોંગ્રેસની મેલી મુરાદને લીધે રાજ્યસભામાં આ બિલ પસાર થઇ શક્યું નહોતુ. કોંગ્રેસની હંમેશાની આ નીતિ-રીતિ રહી છે. ૧૯૫૫માં કાકા કાલેલકર સમિતિનું ગઠન થયું ત્યારથી દેશના ગરીબ તેમજ પછાત વર્ગોની આ માંગ હતી પરંતુ કોંગ્રેસની સરકારોએ ગરીબ અને પછાત સમાજોની ભલાઈ માટે ક્યારેય કોઇ નક્કર કાર્ય કર્યું નહીં. વાઘાણીએ જણાવ્યું હતું કે, સમતામૂલક સમાજનું નિર્માણ એ ભાજપની હમેશાથી પ્રતિબદ્ધતા રહી છે. સમાજના છેવાડાના માનવીનો વિકાસ એ ભાજપનું લક્ષ્ય રહ્યું છે. હવે આ બિલ રાજ્યસભામાં પણ પસાર થઇ જવાથી રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને સંવૈધાનિક દરજ્જો પ્રાપ્ત થયો છે. આ આયોગ પછાત વર્ગોના સંરક્ષણ, કલ્યાણ અને વિકાસ માટે કાર્યરત રહેશે તેમજ સામાજિક તથા શૈક્ષણિક પછાત વર્ગોને સશક્ત બનાવી તેમને ન્યાય અપાવવાનું કાર્ય કરશે. વાઘાણીએ ગુજરાત ભાજપના સૌ કાર્યકરો તથા સામાજિક સંસ્થાઓને આહવાન કરતા કહ્યું હતું કે, બધા વર્ગોના સન્માનપૂર્વક, ગરીમાપૂર્વક અને સોહાર્દપૂર્વક જીવન નિર્વાહ માટેના આ મહત્વપૂર્ણ એવા રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ બાબતે ઉપયોગી જાણકારી ગુજરાતના તમામ વિસ્તારોના ગરીબ તથા પછાત વર્ગોને પહોંચાડી તેમના જીવન ઉત્થાનમાં સહભાગી બની નવા ભારતના નિર્માણની સંકલ્પનાને સાકાર બનાવીએ.

# ગુનેગારોની યાદીમાં બિલ્ડરો-ડેવલપરોને સમાવવા માંગણી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

લોભામણી અને લલચામણી પોન્ઝી સ્કીમો અને જાહેરાતો મારફતે લેભાગુ કંપનીઓ દ્વારા ગુજરાતની પ્રજા-રોકાણકારોના છેલ્લા બે વર્ષમાં રૂ.૭૩૩ કરોડ ખંખેરી લીધા છે અને હજારો લોકો પોતાના ફસાયેલા નાણાં કયારે પાછા મળે તેની રાહ જોઇને બેઠા છે ત્યારે આ સમગ્ર મામલે આજે ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને આવેદનપત્ર પાઠવી ગુજરાતના નિર્દોષ લોકોના મહેનત પરસેવાના પૈસા તાકીદે પાછા અપાવવા ઉગ્ર માંગણી કરી છે. દેશના આર્થિક ગુનેગારોની યાદીમાં બિલ્ડરો અને ડેવલપરોને પણ સમાવવા તેમણે માંગ કરી છે. રાજયના ગૃહરાજય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ તાજેતરમાં લેભાગુ કંપનીઓના કૌભાંડ મામલે તપાસ માટે સીઆઇડી ક્રાઇમની નોડલ એજન્સી તરીકે નિમણૂંક કરી હોવાની જાહેરાત કરી હતી અને આવા કૌભાંડીઓની નામી-બેનામી મિલકતોની તપાસ કરીને હરાજી કરીને રોકાણકાર ગ્રાહકોને રકમ પરત અપાવવાના નિર્ણય જાહેર કર્યો હતો તેને આવકારતાં ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજય સરકારની તમામ તપાસ એજન્સીઓ આર્થિક ગુનેગારોની યાદી તૈયાર કરી રહી છે ત્યારે ગ્રાહકોને સસ્તા ભાવના ફલેટની લાલચ આપી, હાઉસીંગ પ્રોજેકટ અધૂરા મૂકી, વર્ષો સુધી મકાનું પઝેશન ગ્રાહકોને નહી આપી બિલ્ડરો-ડેવલપરો દ્વારા કરોડો અબજો રૂપિયાના કૌભાંડો આચરાય છે. એટલું જ નહી, ૬૦થી ૭૦ ટકા રકમ ચેકથી અને ૩૦થી ૪૦ ટકા રકમ રોકડેથી બ્લેકમાં વસૂલ કરી સરકારી કરવેરા અને આવકવેરાની ચોરી કરતા હોય છે ત્યારે સીઆઇડી, સીબીઆઇ, ઇન્કમટેક્ષ સહિતની એજન્સીઓએ આવા લેભાગુ બિલ્ડોરની સંપત્તિઓ શોધી કાઢી ફસાયેલા ગ્રાહકોના નાણાં પરત અપાવવા જોઇએ. ગુજરાતમાં એન.એ.કન્સ્ટ્રકશનનું રૂ.૨૦૦ કરોડથી વધુ રકમનું મોટા કૌભાંડે હજારો ગ્રાહકોને રાતા પાણીએ રડાવ્યા છે. આ જ પ્રકારે ગોતા સ્થિત સ્તવન પરિશ્રય, નરોડાની શંખેશ્વર ટાઉનશીપ, વટવાની ઓમ ઓરબીટ, બારેજડીના ઓમ એપાર્ટમેન્ટ, સરખેજ ચોકડી સ્થિત વિનાયક હોમ્સ, નારોલ અસલાલી રોડ સ્થિત વેદિકા રેસીડેન્સી સહિતની સ્કીમોમાં ગ્રાહકોને કબ્જો નહી મળ્યા સહિતની અનેકવિધ ફરિયાદો છે, જેને લઇ નિર્દોષ ગ્રાહકો જુદી જુદી ગ્રાહક કોર્ટો, કોર્ટ કચેરી, પોલીસ સ્ટેશન અને રેરાની કચેરીઓના ધક્કા ખાઇ રહ્યા છે.

### પીડિતા અને ભાનુશાળી વચ્ચે સમાધાન માન્ય

# દુષ્કર્મ કેસ : ભાનુશાળી સામે ફરિયાદને હાઇકોર્ટે રદ કરી

### પીડિતા ભાનુશાળી સામે ફરિયાદ હવે આગળ ચલાવવા માંગતી નથી તે નિવેદનને વેરીફિકેશનમાં વળગી જ રહી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ જયંતી ભાનુશાળી સામે સુરતની પીડિતા દ્વારા નોંધાવાયેલી દુષ્કર્મ અંગેની પોલીસ ફરિયાદ આખરે આજે ગુજરાત હાઇકોર્ટે રદબાતલ ઠરાવી હતી. આ કેસમાં પીડિતા અને જયંતિ ભાનુશાળી વચ્ચે થયેલા સમાધાનકારી વલણને હાઇકોર્ટે ગ્રાહ્ય રાખ્યું હતું અને પીડિતા તેમ જ ભાનુશાળીની માંગણી મુજબ, દુષ્કર્મ કેસની ભાનુશાળી સામેની ફરિયાદ રદબાતલ ઠરાવી હતી. પોલીસ વેરીફિકેશનમાં પણ પીડિતા તેણે જેની સામે ફરિયાદ નોંધાવી હતી તે જયંતિ ભાનુશાળી સામેની પોતાની ફરિયાદ હવે આગળ ચલાવવા માંગતી નથી તે નિવેદનને વળગી રહી હતી. સરકારી વકીલ તરફથી પોલીસ વેરીફિકેશનનો રિપોર્ટ પણ હાઇકોર્ટને જણાવ્યો હતો. જેને ધ્યાને લઇ આખરે હાઇકોર્ટે ભાનુશાળી વિરૂધ્ધની દુષ્કર્મ કેસની ફરિયાદ રદ કરી હતી. ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ જયંતિ ભાનુશાળી વિરૂધ્ધ નોંધાયેલી બળાત્કારની ફરિયાદ મામલે પીડિતા તરફથી ગત સપ્તાહે અચાનક યુ ટર્ન મારી ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સોગંદનામું રજૂ કરી આ ફરિયાદ આગળ ચલાવવામાં તેને રસ નહી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. જેને પગલે ભાનુશાળીના ચકચારભર્યા કેસમાં નવો જ વળાંક આવ્યો હતો. પીડિતાએ ખુદ જો જયંતિ ભાનુશાળી વિરૂધ્ધની તેણે નોંધાવેલી ફરિયાદ રદ કરવામાં આવે તો તેને કોઇ વાંધો નહી હોવાનું હાઇકોર્ટને જણાવ્યું હતું. જેને પગલે જસ્ટિસ પી.પી.ભટ્ટે પીડિતાને આમ કરતાં પહેલા બે વખત વિચાર કરવા અને પુખ્ત વિચારણાના અંતે યોગ્ય નિર્ણય લેવા ટકોર કરી હતી. હાઇકોર્ટે એમ પણ જણાવ્યું હતું કે, આ પ્રકારના કિસ્સાઓમાં પોલીસ વેરીફિકેશન પણ જરૂરી છે અને પોલીસને પીડિતાના નિવેદનને લઇ વેરીફિકેશન કરવા નિર્દેશ કર્યો હતો. જયંતિ ભાનુશાળી વિરૂધ્ધ પીડિતાએ નોંધાવેલી ફરિયાદ રદ કરાવવા ભાનુશાળી તરફથી હાઇકોર્ટમાં કરાયેલી કવોશીંગ પિટિશનની સુનાવણી આજે પીડિતા હાઇકોર્ટ રૂબરૂ હાજર રહી હતી. એટલું જ નહી, પીડિતા તરફથી આ કેસમાં પહેલેથી જ મહત્વનું સોગંદનામું રજૂ કરી જણાવ્યું હતું કે, તેણી પોતાની આ ફરિયાદ હવે આગળ ચલાવવા માંગતી નથી અને તેમાં કોઇ કાર્યવાહી આગળ થાય તેમ ઇચ્છતી નથી. જયંતિ ભાનુશાળી તરફથી સિનિયર એડવોકેટ એસ.વી.રાજુએ હાઇકોર્ટને જણાવ્યું કે, જયારે હવે પીડિતા ખુદ ફરિયાદ આગળ ચલાવવા માંગતી નથી અને બંને પક્ષે સમાધાન થઇ ગયું છે ત્યારે આ ફરિયાદ નિરર્થક બની જાય છે અને તેથી હાઇકોર્ટે દુષ્કર્મ કેસની ફરિયાદ રદબાતલ ઠરાવવી જોઇએ. આ દલીલો ગ્રાહ્ય રાખી હાઇકોર્ટે ભાનુશાળી સામેની ફરિયાદ રદબાતલ ઠરાવી હતી. ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ માસમાં સુરતના કાપોદ્રામાં રહેતી ૨૧ વર્ષની યુવતીએ પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળી પર તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ કરતી અરજી કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં કરી હતી. જયંતી ભાનુશાળીએ અમદાવાદની ફેશન ડિઝાઇનિંગ કોલેજમાં એડમિશન અપાવવાના બહાને યુવતીને ગાંધીનગર બોલાવી દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. કોપાદ્રામાં યોગીચોક વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય આ યુવતીએ તા.૧૦ જુલાઈના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં જયંતી પરષોત્તમ ભાનુશાળી વિરુદ્ધ અરજી આપી હતી. આ અરજીમાં તેણીએ જયંતી પર રસ્તામાં કાર થોભાવીને દુષ્કર્મ કર્યું હોવાનો આરોપ મુક્યો હતો. આ દરમિયાન તેમની સાથેના એક શખ્સે વીડિયો ઉતારી લીધો હતો. તે વીડિયોના આધારે તે પીડિતાને બ્લેકમેલ કરીને વારંવાર શરીર સંબંધ બાંધતો હતો. આરોપ લાગ્યા બાદ ભાનુશાળીએ પોતાની વિરૂધ્ધ નોંધાયેલી ફરિયાદ રદ કરવા હાઇકોર્ટમાં આ કવોશીંગ પિટિશન દાખલ કરી હતી. જેમાં આજે સમાધાનકારી ડેવલપમેન્ટ સામે આવ્યું હતું અને દુષ્કર્મ કેસની ફરિયાદ રદ થતાં ભાનુશાળીને બહુ મોટી રાહત મળી હતી.

વૃક્ષો વાવો હરિયાળી લાવો

# ૧૦ લાખ ટન મગફળી ૯૦૦ રૂપિયાના ટેકાના ભાવે ખરીદી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણીએ કરેલા આક્ષેપોનું ખંડન કરી પ્રત્યાઘાત આપતા જણાવ્યું હતું કે, ૨૦૧૪માં જ ભ્રષ્ટાચારના મગરમચ્છોને દેશની જનતાએ કેન્દ્ર સરકારમાંથી દૂર કર્યા છે તેમજ દેશના ૧૭ જેટલા રાજ્યોમાંથી કોંગ્રેસને દૂર કરી છે. સત્તા વગર તરફડતી કોંગ્રેસ જુઠ્ઠા આક્ષેપો કરી રહી છે જે દિવસે ગુજરાતની જનતા મીડિયા દ્વારા પોલીસ અધિકારી તથા સરકારી અધિકારી દ્વારા કરવામાં આવેલ વીડિયોગ્રાફી તથા પંચનામાની પ્રક્રિયા જોઈ રી હતી તે જ દિવસે કોંગ્રેસના વિપક્ષના નેતા જુઠ્ઠા આક્ષેપો કરી રહ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કૃષિમંત્રી આરસી ફળદુની સૂચનાથી ભાજપ સરકાર દ્વારા એક્શન લેવાતા હતા તે એક્શનને જુઠ્ઠા આક્ષેપમાં ફેરવવા કોંગ્રેસ પ્રયાસ કરી રહી હતી. પંડ્યાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેરાત કરી હતી કે, સમગ્ર ઘટનામાં કોઈપણ પાર્ટીના કે કોઈપણ ચમરબંધી હશે તો પણ તેને છોડવામાં નહીં આવે. કૃષિમંત્રી ફળદુ સાહેબે પણ તંત્રને કડકમં કડક પગલા લેવા સૂચના આપી છે જે લોકોએ ગેરરીતિ કરી છે તે જ્યાં પણ ભ્રષ્ટાચાર થયો છે તેની સામે કડક એક્શન લઈ રહી છે. પોલીસ તંત્ર દ્વારા ૨૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને હજુ આગળ કાર્યવાહી ચાલી રહી છે. કેડૂતોના હિતમાં રાજ્ય સરકારે ૧૦ લાખ ટન મગફળી ૯૦૦ રૂપિયાના ટેકાના ભાવે ખરીદી છે. સરકાર ખેડૂતહિતના એક પછી એક પગલાઓ લઈ રહી છે તથા કલ્યાણકારી યોજનાઓ આપી રહી છે તેની પ્રતિતિ ખેડૂતો કરી રહ્યા છે તેથી કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે ત્યારે બીજે ધ્યાન દોરવા સરકારની નિષ્પક્ષ અને કડક કાર્યવાહી સામે આક્ષેપો કરી ખોટા ભ્રમ ઉભો કરવાનો નિરર્થક પ્રાયસ કોંગ્રેસ કરી રહી છે. પંડ્યાએ જણાવ્યું હતુ કે મિડિયામાં મગફળી બાબતનું જે ઓડિયો ક્લીપ ફરી રહી છે તે બાબતે મુખ્યમંત્રી, કૃષિમંત્રી તથા ભાજપા સરકાર સંપૂર્ણ ગંભીર અને કડક છે.